**<u>ફો.પ.અ. નં.–૧૬૨/૨૦૨૬.</u>**

**<u>અલંગ–મરીન પો.સ્ટે., ગુ.ર., નં.–૬૦૦૧૮/૨૦૨૬.</u>**

**<u>–: મુદ્દામાલ અરજી લગત હુકમ :–</u>**

(૧) અરજદાર દ્વારા રજુ હાલની મુદ્દામાલ અરજી વંચાણે લીધી. આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૬૧(૨) તથા ૫૪ મુજબના ગુનાનો આરોપ છે. અરજી આવતા મંગાવેલ પંચનામુ, મુદ્દામાલ પાવતીની નકલ, કાયદાના પ્રબંધો, પોલીસ પેપર્સ, અરજદાર તરફે રજુ મુદ્દામાલ મોબાઈલનું બિલ તથા પોલીસ અભિપ્રાય વંચાણે લીધા.

(૨) સદર કામે મુદ્દામાલ છે, તે આરોપી પાસેથી કબજે કરેલાનું પંચનામાથી સ્પષ્ટ છે. અરજદાર તરફે રજુ મુદ્દામાલ મોબાઈલના બિલની ઝેરોક્ષ નકલ ધ્યાને લેતા, અરજદાર મુદ્દામાલ મોબાઈલના માલિક હોવાનું જણાઈ આવે છે. વળી, નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા ***<u>સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, એ.આઈ.આર. ૨૦૦૩, એસ.સી., પેઈજ નં.–૬૩૮</u>***ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, કોઈ પણ સંજોગોમાં મુદ્દામાલ લાંબા સમય સુધી પો.સ્ટે.માં રાખી મૂકવો હિતાવહ નથી. આમ, ઉપરોક્ત ચુકાદો તથા અરજદાર તરફે રજુ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા, અરજદારની અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતુ હોઈ, નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદાર શેખ માહિર ઈનાયતભાઈ, રહે. ભાવનગરનાએ તેમની માલિકીના મુદ્દામાલ VIVO V27 મોબાઈલ કે, જેનો IMEI NO.-(1) 37158 તથા (2) 37141 છે, તેની મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ કિંમતથી દોઢી રકમના જામીન તથા જાત–મુચરકો કરી આપ્યેથી, નીચેની શરતોને આધીન વચગાળાના તબક્કે, પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**P.T.O.**

**-: શરતો :-**

*(૧) અત્રેની કોર્ટ જ્યાં અને જ્યારે ફરમાવે ત્યાં અને ત્યારે અરજદારે પોતાના ખર્ચે મુદ્દામાલ રજુ કરવાનો રહેશે.*

*(૨) અરજદારે ચાલુ ટ્રાયલ દરમિયાન મુદ્દામાલ કોઈ પણ રીતે, કોઈપણ વ્યક્તિને ટ્રાન્સફર કરવો નહીં કે તેની ઓળખ કે,માલિકી-હક્કમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવો નહીં.*

*(૩) અરજદારે સદર મુદ્દામાલના ત્રણ એંગલથી અલગ-અલગ દિશામાંથી તેની ઓળખ સ્પષ્ટપણે પ્રસ્થાપિત થાય તે રીતે ડિજીટલ કેમેરાથી ફોટોગ્રાફ્સ પોતાના ખર્ચે પડાવવા. આ ઉપરાંત, પોલીસે મુદ્દામાલ અંગેનું સુવ્યવસ્થિત ફોટોગ્રાફ્સ સાથે મુદ્દામાલની સ્પષ્ટપણે ઓળખ પ્રસ્થાપિત થાય તે રીતે વિગતવારનું પંચનામુ કરી, મુદ્દામાલ અરજદારને સોંપી આપવો અને તે અંગેની પાવતી લેવી તેમજ ડિજીટલ ફોટોગ્રાફ્સ સાથેનું પંચનામુ તથા પાવતી અત્રેની અદાલતમાં તાત્કાલિક રજુ કરવા.*

*(૪) જામીન અંગેની કાર્યવાહી સંબંધિત પો.સ્ટે.માં કરવી.*

*(૫) ઉપરોક્ત શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ થયેથી આ હુકમ આપોઆપ રદ્દબાતલ ગણાશે.*

હુકમ આજ તારીખ-૧૦, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ :-તળાજા.

**(કુ. મૃણાલી જિગીશકુમાર કિકાણી)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ-તળાજા.
(કોડ નં.-જી.જે.૦૧૫૪૯).

એચ.બી.જોષી.